# ભૂખ્યાને ભોજન મળી રહે તેવા હેતુથી ધરમપુર બજારમાં પહેલ ટી સ્ટોલનું ઉદ્ઘાટન

**ધરમપુર**

ધરમપુરમાં અનેક સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા પહેલ ચેરીટેબલ ટ્રસ્ટના ઋષીત મસરાણી અને તેમના ધર્મપત્ની પૂર્વજા મસરાણી દ્વારા અનેક સમાજ ઉપયોગી કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે ભૂખ્યાને ભોજન મળી રહે તેવા હેતુથી ધરમપુરના જલારામ મંદિરની સામે બજારમાં પ્રોજેક્ટ પૂર્ણ હેઠળ ભૂખ્યાને એક ટંક ભોજન આપવા માટે પહેલ ટી સ્ટોલનું શનિવારના રોજ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેના




નફામાંથી પ્રોજેક્ટ અન્નપૂર્ણા અંતર્ગત જરૂરિયાત મંદ લોકોને એક સમયનું ભોજન નિઃશુલ્ક આપવામાં આવશે. શનિવારે ઉદ્ઘાટન પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે હાજરી આપી હતી અને પહેલ ચેરીટેબલ ટ્રસ્ટના નવદંપતીને તેમના ઉમદા કાર્ય માટે શુભેચ્છાઓ આપી હતી.